GJSK180006882026

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૨/૦૫/૨૦૨૬ | | |
| નોધ્યા તારીખ | : | ૨૨/૦૫/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯/૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૦ | ૧૮ |

**ઇડરના મે. સ્પેશ્યલ પોકસો જજ સાહેબ ની કોર્ટમા મુકામ-ઇડર**

ક્રિ.પ.અ.નં.૨૬૪/૨૦૨૬
આંક-૯

**અરજદાર :** **અજયભાઇ ધનજીભાઇ રાવત (ચેનવા),**
ઉ.આ.વ.૨૭, ધંધો-મજુરી
રહે.કંબોસણી, તા.વડાલી,
જી.સાબરકાંઠા.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા..**

**અરજદાર તરફે વિ.વ.શ્રી બી.આઇ.લીંમાણી**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એન.બારોટ**

**// ઠરાવ //**

(૧) અરજદાર/આરોપી તરફે વડાલી પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૨૦૯૦૫૪૨૬૦૩૦૭/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા

પોકસો એકટની કલમ-૪, ૫(એલ), ૬ મુજબના કામે જામીન મુકત થવા હાલની અરજી કરેલી છે.

અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક-૩ ના પુરાવા લીસ્ટ થી એફ.આઇ.આર. તથા ચાર્જશીટ ની ખરી નકલ રજુ કરેલ છે.

(૨) આ કામે અરજદારની જામીન અરજી અનુસંધાને સામાવાળાને નોટીસ ઇસ્યું કરતાં સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એન.બારોટ આંક-૭ ની પુરસીસ થી હાજર થયેલા છે અને આંક-૮ થી તપાસ કરનારનુ સોગંદનામુ રજુ થયેલ છે. તેમજ આ કામે મુળ ફરીયાદી/ભોગબનનારે કોર્ટ રૂબરૂ હાજર રહી આંક-૫ થી જામીન અરજી લગત વાંધા રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી લીંમાણીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, ફરીયાદ તારીખ ૧/૪/૨૬ ના રોજ થયેલ છે અને આરોપીને તપાસ કરનાર અમલદારે અટક કરેલ છે અને ત્યારથી અરજદાર/આરોપી જયુડીશીયલ કસ્ટડીમા છે. અરજદાર નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુના કરેલ નથી. અરજદાર/આરોપી લાંબા સમયથી જેલમાં છે. બનાવ તારીખ ૨૫/૩/૨૦૨૬ ના રોજ બનેલ છે અને ફરીયાદ તારીખ ૧/૪/૨૦૨૬ ના રોજ આપવામા આવેલ છે. અરજદાર ગુના બાબતે કશુ જાણતા નથી. અરજદાર ભોગબનનારને ભગાડી લાવેલ હોય કે કોઇ જબરજસ્તી કરેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદ જોતાં ભોગબનનાર પોતાની મરજીથી સરત મુકામે ગયેલ અને ત્યાં અરજદાર પણ મજુરી કામ કરતા હોઇ પાછળથી ખોટી ફરીયાદ આપેલ છે. સદર ગુનાના કામનું ચાર્જશીટ થઇ ગયેલ છે. જેનો પોકસો કેસ નં.૧૪/૨૦૨૬ નો પડેલ છે. કેસ ચાલતા લાંબો સમય જાય તેમ છે. અરજદાર યુવાન વયના છે અને ઉંમર

લાયક માતા પિતા છે, અરજદાર પરિવારમાં એકલા જ કમાનાર વ્યકિત છે. તેમનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર/આરોપી તેમના વતનમાં સ્થાવર તેમજ જંગમ મીલકત ધરાવે છે અને નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી અરજદાર આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એન.બારોટ એ અરજદારની જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ ફરીયાદી−ભોગબનનાર ઉંમર ૧૬ વર્ષ ૭ માસ ૨૦ દિવસનીને સગીર વયની હોવાનું જાણવા છતાં બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોસલાવી તેઓના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભોગબનનાર સાથે અવારનવાર સંભોગ (બળાત્કાર) કરી ગુનો કરેલ છે. તેમજ આ કામે મુળ ફરીયાદી−ભોગબનનારે કોર્ટ રૂબરૂ હાજર રહી આંક−૫ થી વાંધા અરજી રજુ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી ભોગબનનારને કંબોસણી થી ડોભાડા ચાર રસ્તા રીક્ષામાં બેસાડી ઇડર ડેપોમાં લઈ ગયેલ અને એસ.ટી. બસમાં રાત્રીના આઠ વાગે સુરત લઈ ગયેલ અને તયાં એક ફેકટરીમાં રાખી દરરોજ રાત્રે તેની સાથે બળજબરીથી શરીર સંભોગ/બળાત્કાર કરતો હતો તેમજ આરોપી માથાભારે અને જનુની સ્વભાવના હોઈ જામીન મુકત કરવામાં આવે તો તેના જીવનુ જોખમ હોઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષો તરફેની મૌખિક રજુઆત, પોલીસ પેપર્સ તેમજ ફરીયાદીને ધોરણસર નોટીસની બજવણી થયેલાની જાણ થતાં કોર્ટ સમક્ષ જાતે હાજર રહેલા છે અને અરજદાર/આરોપીને જામીન મુકત કરવા સામે સખત વાંધો હોવાનું જણાવેલ છે અને વધુમાં જણાવેલ છે કે જો અરજદાર આરોપીને જામીન મુકત

કરવામાં આવશે તો તેના જીવનુ જોખમ છે. તેમજ આ કામે એફ.આઇ.આર. વંચાણે લેવામાં આવે તો તેમાં તારીખ ૨૫/૩/૨૬ ના રોજ ભોગબનનાર બપોરના સમયે કંબોસણી થી નીકળી ડોભાડા સરકારી દવાખાને પથરીની સારવાર માટે ગયેલ તે વખતે આરોપીએ ભોગબનનારને વાત કરેલ કે ચાલ મારી સાથે હું તારી સાથે લગ્ન કરીશ આપણે ફરીને આવીએ તેવી વાત કરતા ભોગબનનાર વાતમાં આવી ગયેલ અને ભોગબનનારને સુરત મુકામે લઇ ગયેલ અને ફેકટરીમાં મજુરો માટે રાખેલ ઓરડીમા ભોગબનનારને રાખી રાત્રીના ભોગબનનાર સાથે શરીર સંભોગ કરતો હતો તેમ જણાવેલ છે. પરંતુ ભોગબનનાર સગીર વયની છે,ગંભીર પ્રકારનો ગુનો છે પ્રથમદર્શનીય કેસ છે. ફરીયાદપક્ષના કેસ સાથે ચેડા થવાની શકયતા છે. આ પ્રકારના ગુનાઓનુ પ્રમાણ વધતુ જાય છે. તેમજ ચાર્જશીટ થઇ જવા માત્રથી ગુનાની ગંભીરતા ઘટી જતી નથી, સજાની જોગવાઇ તેમજ હજુ પુરાવો નોંધવાનો બાકી છે તે તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં આ અદાલતને પ્રાપ્ત થયેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જામીનમુકત કરવાનુ ન્યાયોચીત જણાઇ આવતુ ન હોય, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**/// હુ ક મ ///**

(૧) અરજદાર/આરોપીની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૦૯ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૯/૦૬/૨૦૨૬

સ્થળ : ઇડર

**( એમ.વાય.રાધનપુરવાલા )**
ઇ.ચા. સ્પેશ્યલ પોકસો જજ અને
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ
ઇડર-સાબરકાંઠા
કોડ નં.જીજે૦૦૭૩૪

**BYT**